**મહે. ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટમાં, મુ. રાજકોટ**

ફોજદારીકેસનં. 6333/2026
આંક–

ફરીયાદી:– શ્રી સરકાર

વિરુઘ્ઘ

આરોપી/ઓ :–
(૧) નિલેશભાઈ રમેશભાઈ સાકરીયા
(૨) નીતીનભાઈ હેમંતભાઈ હીંગુ

ગુનો : જુગારધારા એકટની કલમ ૧૨(અ) મુજબ.

**–:: ચુકાદો ::–**

(૧) સદર કામનુ કેસ રેકર્ડ આજરોજ સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાથ પર લઈ વંચાણે લીધુ. આરોપીઓ સામે હાલનું ચાર્જશીટ અત્રેની અદાલત સમક્ષ રજુ થતા અત્રેની અદાલતે આરોપી સામે સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ. આરોપી નો સમન્સ યોગ્ય રીતે બજવણી થઈ જતા આરોપી સ્પેશીયલ સીટીંગ દરમ્યાન હાજર થયેલ છે. આરોપી ને ભા. ફો. અ. ની કલમ ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા અંગેની ખાત્રી કરેલ છે.

(૨) ઉપરોકત ગુન્હા અંગે આરોપીની પ્લી લેતા, આરોપીઓએ તેમનો ગુન્હો કબુલ કરી, ગુન્હા અંગે લેખિતમા કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુન્હો છે. ગુન્હા બદલ તેઓને ઘણો જ પસ્તાવો છે. કાયદાના અજ્ઞાનને લીધે અજાણતાથી આ ગુન્હો તેમનાથી થઈ ગયેલ છે, તેથી ભવિષ્યમા આવો ગુન્હો નહી બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓએ હળવો દંડ કરી, છોડી મુકવા અરજ કરેલછે.

(૩) આરોપી તરફે રજુ થયેલ ઉપરોકત ગુન્હા કબુલાત પુરસીસ સ્વૈચ્છીક હોઈ તે નોંધી પરંતુ આરોપીની સદરહુ કબુલાત તેમની વિરુઘ્ઘનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આરોપીઓને આપવામા આવેલ છે તેમછતાં આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરે છે. તેવી કોર્ટે ખાતરી કરેલ છે. આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતનો ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોર, જી. એલ. આર. ૨૦૦૫ (૧) પાના નં. ૭૦૯ ઉપર પ્રસિઘ્ઘ થયેલ ચુકાદો વંચાણે લીધો. તેમજ સદરહું ચુકાદાના પાના નં. ૭૨૧ ના પેરા નં. ૨૧માં જણાવેલ કારણો ઘ્યાને લીધા. આ કામના આરોપી કુટુંબ કબીલાવાળા છે અને તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે તથા તેઓનો આ પ્રથમ ગુનો છે. આરોપી ની સામાજીક તેમજ આર્થિક પરિસ્થિતી ને ઘ્યાને લઈ તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત સિઘ્ઘાંતો ને ઘ્યાને લેતા આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરતા હોઈ, આરોપીની આ

કબુલાત હું સ્વીકારુ છુ અને આરોપીને તેમની સામેના ગુનામા તકસીરવાન ઠરાવુ છુ. પરંતુ આરોપીની કબુલાત તેમજ કેસની હકીકતોને ધ્યાને લેતા, આરોપીને યોગ્ય રકમનો દંડ કરવામા આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેમ માનુ છુ. જેથી ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

–::**<u>હુકમ</u>**::–

૧. આ કામના દરેક આરોપીઓ ને જુગારધારા એકટ ની કલમ ૧૨(અ) મુજબ સી. આર. પી. સી. કલમ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવું છું. અને સદર ગુના સબબ **આરોપી નં ૧ થી ૨** પાસેથી વ્યકતી દિઠ રૂ.૧૦૦×૨ એમ કુલ રુ.૨૦૦/– કુલ અને કોર્ટ ઉઠતા સુધીની સજા ફરમાવવાનો હુકમ કરૂ છું. જો આરોપી દંડની રકમ ન ભરે તો દીન – ૩ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

૨. રોકડ મુદામાલ સરકાર ખાતે જમા કરાવવો.

૩. જુગાર સાહીત્યનો નિયમોનુંસાર નાશ કરવો.

૪. મુદામાલમાં વાહન તથા મોબાઈલ ફોન હોય તો તે તેના માલીકને પરત કરવા તથા મુદામાલ અંગે જો કાંઇ વચગાળાનો હુકમ હોઇ તો તે કાયમી કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૪/૦૩/૨૦૨૬ લોકઅદાલતનાં સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૪/૦૩/૨૦૨૬
રાજકોટ

(પી.એમ.શાહ)
ચીફ જયુડી. મેજી. રાજકોટ
**[ UIC GJ00926]**